અનુસંધાન ... પાના પહેલાનું

ભાજપના ગઢ જેવી....

તેમની નિમણૂક બાદ આ પેટાચૂંટણી યોજવી પડી હતી. 64,151 મતો મેળવનાર કિશોરે ભાજપના નીરજ કુમારને 19,324 મતોથી હરાવ્યા હતા. કુમારને 44,827 મત મળ્યા હતા. જ્યારે RJDના રેખા ગુપ્તા 14,273 મતો સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. આ વિજય સાથે જ જન સુરાજ પાર્ટીનું ખાતું ખુલ્યું છે. તેને સ્થાપના પછી આ પ્રથમ ચૂંટણી વિજય પ્રાપ્ત થયો છે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં તેને એક પણ બેઠક મળી ન હતી. આ ચૂંટણીમાં 2 લાખ પુરુષો અને 1.79 લાખ મહિલાઓ સહિત આશરે 3.8 લાખ મતદારો મતદાન કરવા માટે પાત્ર હતા. પેટાચૂંટણીમાં 34.30 ટકા મતદાન નોંધાયું હતું, જે માત્ર નવ મહિના પહેલાં યોજાયેલી છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં નોંધાયેલા 41.45 ટકા કરતાં સાત ટકાથી પણ વધુ ઓછું હતું. પોતાની રાજકીય કારકિર્દીના આ સફળ વળાંક પર કિશોરે કહ્યું, "આ જીત વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે એક ચેતવણી છે, તેમણે ગુનાહિત ઈતિહાસ ધરાવતા સમ્રાટ ચૌધરીના સ્થાને નવો મુખ્યમંત્રી લાવવો જ પડશે." અગાઉની વિધાનસભા ચૂંટણીમાં તેમની પાર્ટી એક પણ બેઠક જીતી શકી નહોતી અને તે સમયે કિશોરે પોતે ચૂંટણી ન લડવાનો નિર્ણય લીધો હતો. 49 વર્ષીય જન સુરાજ સ્થાપકે ચૂંટણી મેદાનમાં ઊતરતી વખતે જાહેરાત કરી હતી કે તેઓ આ પેટાચૂંટણીને રાજ્યની ભાજપ શાસિત સરકાર પરના "જનમત" તરીકે જુએ છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતિન નવીનના રાજીનામા બાદ આ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી જરૂરી બની હતી. નવીનના સ્વર્ગસ્થ પિતા નવિનચંદ્ર સિંહાએ 1995માં આ બેઠક પરથી ભાજપની જીતની સિરીઝ શરૂ કરી હતી, ત્યારે આ બેઠક "પટના બેઠક" તરીકે ઓળખાતી હતી. લગાતાર પાંચમી વખત આ બેઠક જીત્યાના છ મહિના પછી, એપ્રિલમાં રાજ્યસભામાં ચૂંટાયા બાદ નબીને બાંકીપુર બેઠક ખાલી કરી હતી.

પ્રશાંત કિશોરનો....

હતું. ચૂંટણીમાં એકલા હાથે આગળ વધવાના પોતાના અગાઉના વલણ પર પુનર્વિચાર કરવાની શક્યતા અંગે પૂછવામાં આવતા કિશોરે કહ્યું, "અમે કોઈ ગઠબંધન નહીં કરીએ. અમારું ગઠબંધન બિહારની જનતા સાથે હશે. તમારે જોવું જોઈએ કે બાંકિપુરના લોકોએ સ્થાપિત પક્ષોનો સંગ છોડીને અમને વોટ આપ્યો છે."

આ ભાજપના અંતની....

લઈને ભાજપ પ્રત્યે લોકોમાં રહેલા "ઊંડા અસંતોષ"ને દર્શાવે છે, ત્યારે શાસક પક્ષ માટે એકમાત્ર રાહતની વાત ગુજરાતની માંજલપુર વિધાનસભા પેટાચૂંટણીમાં ઘટેલી સરસાઈ સાથે પણ મળેલી જીત હતી. કોંગ્રેસે આને ભાજપનો નૈતિક પરાજય ગણાવ્યો હતો, કેજરીવાલે કહ્યું હતું કે લોકો પરિવર્તન ઇચ્છે છે તો ટીએમસીએ કહ્યું હતું કે આ ભાજપના અંતની શરૂઆત છે.

ગ્લાસગો CWG....

ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નવો વિકાસ 2028 કે 2029ના પ્રારંભ સુધીમાં પૂર્ણ થઈ જશે, જેનો લાભ ભવિષ્યમાં યુવા એથ્લેટ્સ અને વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સ સાયન્સ તથા હોસ્ટેલ સુવિધાઓ તરીકે મળશે. ગુજરાત ગ્રીન એનર્જીમાં અગ્રેસર હોવાથી 2030 સુધીમાં BRTS સહિતનું સ્થાનિક ટ્રાન્સપોર્ટ 100 ટકા ઇલેક્ટ્રિક થઈ જશે, તેમજ મેટ્રો અને પૂરતી હોટેલ ક્ષમતા પહેલાથી જ ઉપલબ્ધ છે. આ ગેમ્સ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારના સંપૂર્ણ સહયોગ સાથે ખાનગી ક્ષેત્રની ભાગીદારી પણ લેવામાં આવશે, જ્યારે કોમનવેલ્થ સ્પોર્ટ સાથે ચર્ચા કરીને 2030ની રમતોમાં ક્રિકેટનો સમાવેશ કરવાના પ્રયાસો ચાલુ છે.

MPની દતિયા....

એપ્રિલમાં તત્કાલીન કોંગ્રેસ ધારાસભ્ય રાજેન્દ્ર ભારતીને છેતરપિંડીના કેસમાં ત્રણ વર્ષની કેદની સજા ફટકારી હતી, જેના કારણે તેમનું વિધાનસભા સભ્યપદ રદ થતાં આ પેટાચૂંટણી જરૂરી બની હતી. 30 જુલાઈના રોજ યોજાયેલી પેટાચૂંટણીમાં 71.44 ટકા મતદાન નોંધાયું હતું. મધ્ય પ્રદેશ ભાજપના પ્રદેશ અધ્યક્ષ હેમંત ખંડેલવાલે જણાવ્યું હતું કે પક્ષ ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરશે અને તેના તારણોના આધારે કાર્યવાહી કરશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કમલનાથે આ ચૂંટણી જીતનો શ્રેય પક્ષના કાર્યકરોની મહેનતને આપતાં કહ્યું હતું કે દતિયાની જનતાએ સત્તાના દબાણ સામે ઝૂકવાનો ઇનકાર કર્યો છે.

વિદ્યાર્થીઓ સામેની....

આવે. વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું હતું કે ગુનાહિત ઈતિહાસ શબ્દની સ્પષ્ટતાની જરૂર છે, કારણ કે વિદ્યાર્થીઓ સામે ટ્રાફિક ઉલ્લંઘન, નાના-મોટા ગુનાઓ અથવા રાજકીય રીતે પ્રેરિત કેસ હોઈ શકે છે. CJIએ અવલોકન કર્યું, અતિશય બળપ્રયોગ કરનારા પોલીસ અધિકારીને બિનજરૂરી રક્ષણ ન મળવું જોઈએ. અને એવું પણ ન થવું જોઈએ કે વિદ્યાર્થી વિરોધના ઓથા હેઠળ કોઈ રીઢો ગુનેગાર પણ બચી જાય.

મોદીનો વીડિયો....

'સેફ હાર્બર' રક્ષણ પાછું ખેંચી લેવું જોઈએ, એમ ભાજપના સાંસદે ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની જોગવાઈનો સંદર્ભ આપતાં કહ્યું, જેના હેઠળ સોશિયલ મીડિયા નેટવર્ક્સ અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ તેમના પ્લેટફોર્મ પરની થર્ડ-પાર્ટી સામગ્રી માટે કાયદાકીય રીતે જવાબદાર ગણાતા નથી.

આ પૂછપરછ એવા સમયે થઈ છે જ્યારે ભારતના યુવાનોને સંબોધતા અને પેપર લીક સામે સખત કાર્યવાહીનું વચન આપતા વડાપ્રધાન મોદીના તાજેતરના ફેસબુક પોસ્ટ પર પ્લેટફોર્મ દ્વારા થોડા સમય માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જેના પગલે સરકારે મેટાના ઉચ્ચ અધિકારીઓને સમન્સ પાઠવ્યા હતા. સંસદીય સમિતિએ સોમવારે મેટાને 10 દિવસની અંદર લેખિતમાં પોતાનું વલણ સ્પષ્ટ કરવા જણાવ્યું છે. દુબેએ કહ્યું કે મેટા દ્વારા વીડિયો હટાવવામાં આવ્યો હોય તેવું આ પહેલી વાર નથી. "2024માં, માર્ક ઝુકરબર્ગે સંસદીય ચૂંટણીના પરિણામો પર વાંધાજનક ટિપ્પણીઓ કરી હતી. તેમની માનસિકતા દેશને અસ્થિર કરવાની છે," તેમણે આક્ષેપ કર્યો હતો. જ્યારે ફેસબુકે અન્ય ઘણી વાંધાજનક સામગ્રી હટાવી નથી, તો પ્લેટફોર્મ પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વીડિયો કોણે હટાવ્યો, એમ એક સાંસદે મેટાના પ્રતિનિધિઓને પૂછ્યું.

અમેરિકામાં મારું...

છે કે તેમનો અભ્યાસ શિષ્યવૃત્તિ અને એજ્યુકેશન લોન દ્વારા શક્ય બન્યો હતો. મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં સોમવારે તેમના નિવાસસ્થાને PTIને આપેલા એક ખાસ ઇન્ટરવ્યુમાં, દીક્ષેએ દેશવટાનો સામનો કરી રહેલા બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીનની એ ટિપ્પણીને પણ ફગાવી દીધી હતી જેમાં તેમણે પરીક્ષાની ગેરરીતિઓ સામે CJPના દિલ્હી વિરોધ પ્રદર્શનની સરખામણી ૨૦૨૪ના એ આંદોલન સાથે કરી હતી જેણે શેખ હસીનાની અવામી લીગ સરકારને સત્તા પરથી હટાવી દીધી હતી. તેમણે ભારપૂર્વક કહ્યું, બાંગ્લાદેશ અને નેપાળના વિરોધ પ્રદર્શનોનો ઉપયોગ અમને બદનામ કરવા માટે થઈ રહ્યો છે; અમે અલગ છીએ. જ્યારે ભારત પાસે મહાત્મા ગાંધી છે ત્યારે આપણે બાંગ્લાદેશ કે નેપાળ તરફ જોવાની જરૂર નથી એમ તેમણે કહ્યું હતું.

પોતાના શૈક્ષણિક ખર્ચ અને નાણાકીય બાબતો અંગેની માહિતી અધિકાર(RTI) હેઠળ કરાયેલી અરજીથી તેઓ અવિચલિત રહ્યા હતા અને તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે હજુ સુધી કોઈ વ્યક્તિગત હુમલાનો સામનો કર્યો નથી. સુરતના એક RTI કાર્યકર્તાએ શનિવારે કહ્યું હતું કે તેમણે દીક્ષેના પિતા, જેઓ નિવૃત્ત સરકારી કર્મચારી છે અને જેમણે પોતાના પુત્રને અભ્યાસ માટે વિદેશ મોકલ્યો હતો, તેમના ફંડિંગની તપાસની માંગણી કરી છે. ૩૦ વર્ષીય દીક્ષેએ શાંતિથી કહ્યું, જેઓ મારા શિક્ષણના ફંડિંગની તપાસ કરવા માંગે છે તેઓ તેમ કરવા માટે સ્વતંત્ર છે. તેમણે કહ્યું, મને બોસ્ટન યુનિવર્સિટીમાંથી સ્કોલરશીપ મળી હતી અને બાકીની રકમ માટે મેં એજ્યુકેશન લોન લીધી હતી. તે હજુ પણ બાકી છે અને ચૂકવવાની છે. આ લડાઈ વ્યક્તિગત નથી. બોસ્ટન યુનિવર્સિટીની કોલેજ ઓફ કમ્યુનિકેશનમાંથી પબ્લિક રિલેશન્સમાં માસ્ટર ઓફ સાયન્સની ડિગ્રી મેળવનાર દીપક જૂન મહિનામાં ભારત પરત ફર્યા હતા જેથી તેઓ NEET-UG પેપર લીક સામેના આંદોલનનું નેતૃત્વ કરી શકે.

જો મોદી પોતાની...

સુરતના એક આરટીઆઈ કાર્યકર્તાએ દીક્ષેના પિતા, જેઓ એક નિવૃત્ત સરકારી કર્મચારી છે અને જેમણે પોતાના પુત્રને શિક્ષણ માટે વિદેશ મોકલ્યો હતો, તેમની નાણાકીય બાબતોની તપાસ કરવાની માંગ કરી હતી. દીક્ષેએ છત્રપતિ સંભાજીનગરમાં પત્રકારોને જણાવ્યું હતું કે, હું મારો સ્કોલરશિપ લેટર અને એજ્યુકેશન લોનના પત્રો જાહેર કરવા તૈયાર છું. શું વડાપ્રધાન મોદી તેમની ડિગ્રી બતાવશે? દીક્ષેની આ ટિપ્પણીઓ ચળવળકારો અને રાજકીય વિપક્ષોની એ માંગના જવાબમાં હોવાનું જણાય છે, જેમાં તેઓ મોદીની ડિગ્રીઓની સત્યતા ચકાસવા માટે સત્તાવાર ખરાઈ અને યુનિવર્સિટીના રજિસ્ટરની જાહેર તપાસની માંગ કરી રહ્યા છે.

ઈરાનની ઓમાન...

ટ્રમ્પના દાવાઓનો જવાબ આપી રહ્યા હતા કે બંને પક્ષો વચ્ચે સોમવારથી તમામ મુખ્ય વિવાદોને આવરી લેતી વાટાઘાટો ફરી શરૂ થઈ શકે છે. તેમણે કહ્યું કે અમે હાલમાં યુનાઇટેડ સ્ટેટ્સ સાથે વાટાઘાટો કરી રહ્યા નથી.

ઈરાન ડીલ કરે...

કહે છે, કેટલાક કહેશે કે તેઓ તેની 'ભીખ' માંગે છે, નજીકના ભવિષ્યમાં વધુ સુનિશ્ચિત સાથેવાટાઘાટો શરૂ થાય છે, અને તેઓ જાહેરમાં ગર્વથી કહે છે કે તેઓ કોઈ ચર્ચા નથી કરી રહ્યા કે, કંઈપણ વિશે વાત થઈ રહી નથી, અને તેઓ ફક્ત 'ઓમાન' સાથે વ્યવહાર કરી રહ્યા છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટને નિયંત્રિત કરવાના નિવેદનો કરે છે, પણ એવું નથી. તેમણે કહ્યુ હતું કે તેઓ પછી તેમની સામાન્ય બડાઈ મારવા લાગે છે કે, હોર્મુઝ સ્ટ્રેટ તેમના દ્વારા શક્તિશાળી રીતે સંચાલિત થશે, જ્યારે તે પહેલાથી જ અમેરિકન નેવી અને અમારી 'નાકાબંધી' દ્વારા સંપૂર્ણપણે નિયંત્રિત છે.

દિલ્હી ડાયરી...

યોજી. ત્યાં હાજર પત્રકારો માટે એ સમયે ભારે આંચકો લાગ્યો જ્યારે એક વ્યક્તિએ તેમના તરફ ચંપલ ફેંક્યું અને અફરાતફરી મચી ગઈ. પોતાના સ્વભાવ મુજબ ડર્યા વગર, તેમણે સ્થિતિ સંભાળી લીધી અને તેમના સમર્થકો તે ઘૂસણખોર પર તૂટી પડ્યા. પાછળથી યાદવે દાવો કર્યો કે સંસદ ભવનમાં આ સ્વાંગ રચ્યો ત્યારથી જ તેમને કેટલાક જમણેરી સંગઠનો તરફથી ધમકીઓ મળી રહી હતી. હાલની રાજકીય કડવાશના વાતાવરણમાં વિરોધી રાજકીય પક્ષોના સભ્યો એકસાથે આવે અને હળવી પળો માણે એવું ભાગ્યે જ જોવા મળે છે.

બ્રિજભૂષણસિંહ જાતીય સતામણીના કેસમાં પુરાવાના અભાવે નિર્દોષ છૂટી ગયા છે

ન્યાયતંત્રનો સિદ્ધાંત છે કે '' સો અપરાધી છૂટી જાય તે ચાલે, પણ એક નિર્દોષને સજા થવી જોઈએ નહીં.'' ભારતીય જનતા પાર્ટીના નેતા અને રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ શરણસિંહને દિલ્હીની એક કોર્ટે મહિલા કુસ્તીબાજોની જાતીય સતામણીના કેસમાંથી પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા છે, તેમાં પણ આ સિદ્ધાંત કામ કરી રહ્યો હોવાનું સમજાય છે. કોઈ પણ વ્યક્તિ ગુનો કરે એટલા માત્રથી તેને અદાલતમાં સજા થતી નથી. અદાલતના ખટલામાં સાક્ષીઓ અને પુરાવાઓ વડે આ ગુનો પુરવાર પણ કરવો પડે છે. મહિલા કુસ્તીબાજો આ સાક્ષી અને પુરાવાની બાબતમાં નબળાં પુરવાર થયાં અથવા કહી શકાય કે પોલીસ તંત્ર સાક્ષી અને પુરાવા રજૂ કરવામાં નબળું પુરવાર થયું, માટે અદાલતને બ્રિજભૂષણ શરણસિંહને નિર્દોષ જાહેર કરવાની ફરજ પડી છે. કોર્ટના નિર્ણય પછી કુસ્તીબાજ બજરંગ પુનિયાએ કહ્યું કે આજનો નિર્ણય સ્પષ્ટ કરે છે કે તેમની પાસે બધી શક્તિ છે. તેમણે સાક્ષીઓને ફોડી નાખ્યા હતા.

બ્રિજભૂષણ શરણસિંહ પર મહિલા કુસ્તીબાજોનું જાતીય શોષણ કરવાનો આરોપ લગાવતાં સાક્ષી મલિક, વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા સહિત અનેક ખેલાડીઓએ દિલ્હીના જંતર-મંતર પર ઘણાં અઠવાડિયાં સુધી વિરોધ પ્રદર્શન કર્યું હતું અને તેમની ધરપકડની માંગણી કરી હતી. એપ્રિલ ૨૦૨૩ માં મહિલા કુસ્તીબાજોએ બ્રિજભૂષણ શરણસિંહ અને રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ સેક્રેટરી વિનોદ તોમર વિરુદ્ધ FIR નોંધાવી હતી. મે ૨૦૨૪ માં, કોર્ટે બ્રિજભૂષણ શરણસિંહ અને વિનોદ તોમર સામે આરોપો ઘડ્યા હતા. બ્રિજભૂષણ શરણસિંહ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪ (મહિલાની નમ્રતાનું અપમાન કરવું) અને ૩૫૪A (જાતીય સતામણી) હેઠળ આરોપો ઘડવામાં આવ્યા હતા. છ મહિલા કુસ્તીબાજોમાંથી પાંચની ફરિયાદોના આધારે આ આરોપો દાખલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિનોદ તોમર સામે ગુનાહિત ધાકધમકીની કલમો પણ લગાવવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૩ થી તેમને આ કેસમાં જામીન મળી ગયા હતા. સરકારની તપાસ એજન્સીએ આ કેસમાં તેમની ધરપકડ કરી ન હતી. અગાઉ એક મહિલા કુસ્તીબાજની ફરિયાદના કેસમાં કોર્ટે બ્રિજભૂષણસિંહને મુક્ત કર્યા હતા.

બ્રિજભૂષણ શરણસિંહ સામે જાતીય સતામણીના આરોપો પહેલી વાર જાન્યુઆરી ૨૦૨૩માં સામે આવ્યા હતા જ્યારે વિનેશ ફોગાટ, સાક્ષી મલિક અને બજરંગ પુનિયાએ દિલ્હીના જંતર-મંતર પર વિરોધ કર્યો હતો. વિરોધના થોડા મહિનાઓ પછી મહિલા કુસ્તીબાજોએ આરોપ લગાવ્યો કે તેઓએ દિલ્હીના કનોટ પ્લેસ પોલીસ સ્ટેશનમાં બ્રિજભૂષણ શરણસિંહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે FIR નોંધી ન હતી. આ પછી વિનેશ ફોગાટ સહિત ઘણી મહિલા કુસ્તીબાજોએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી અને બ્રિજભૂષણ શરણસિંહ વિરુદ્ધ FIR નોંધવાની માંગણી કરી હતી. ત્યાર બાદ થયેલી સુનાવણી દરમિયાન દિલ્હી પોલીસે કહ્યું હતું કે તેઓ આ મામલે FIR નોંધી રહ્યા છે. હવે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આ કેસમાં બ્રિજભૂષણ અને વિનોદ તોમરને નિર્દોષ જાહેર કર્યા છે. આ નિર્ણય ૨ જુલાઈ, ૨૦૨૬ ના રોજ દલીલો પૂર્ણ થયા પછી આવ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૩ માં શરૂ થયેલા આ કેસમાં ૧,૧૩૩ દિવસમાં ૧૨૭ વાર સુનાવણી થઈ ચૂકી હતી. બ્રિજભૂષણ શરણસિંહે કોર્ટના નિર્ણય પર કહ્યું કે પહેલા જ દિવસે મેં કહ્યું હતું કે જો મારી વિરુદ્ધ કોઈ નિર્ણય આવશે તો હું મારી જાતને ફાંસી આપીશ. મને પૂરો વિશ્વાસ હતો કે મારી સાથે ન્યાય થશે. અમે તે જુનિયર ખેલાડીઓ માટે લડ્યા હતા, જેમના અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું હતું. મને ખુશી છે કે અમે તે લડાઈ પણ જીતી ગયા છીએ. અગાઉ બ્રિજભૂષણ શરણસિંહ POCSO ના કેસમાં પણ નિર્દોષ છૂટી ગયા તેમાં પણ ફરિયાદીના પિતા દ્વારા ફરિયાદ જ પાછી લેવામાં આવી તે મુખ્ય કારણ બન્યું હતું. બ્રિજભૂષણ શરણસિંહ પર મહિલા કુસ્તીબાજોએ

ટુ ધ પોઇન્ટ
▪ સંજય વોરા ▪

કુસ્તી સંગઠનના પ્રમુખ હતા ત્યારે તેમના પર જાતીય શોષણનો આરોપ લગાવ્યો હતો. જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ (POCSO) એ એક કાયદો છે જે સગીરોના જાતીય શોષણ માટે સજાની જોગવાઈ કરે છે. ૨૦૨૩ માં એક સગીર પહેલવાનના પિતાએ પોલીસમાં એફઆઈઆર નોંધાવી હતી, જેમાં બ્રિજભૂષણ શરણસિંહ પર જાતીય શોષણનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જો કે, FIR ના થોડા દિવસો પછી સગીર પહેલવાનના પિતાએ પોતાનું નિવેદન બદલી નાખ્યું હતું. પિતાએ કહ્યું કે તેમણે અને તેમની પુત્રીએ બ્રિજભૂષણ સામે કેટલાક ખોટા આરોપો લગાવ્યા હતા. સગીર પહેલવાનના પિતાના નિવેદનને કારણે બ્રિજભૂષણ શરણસિંહ સામેનો કેસ નબળો પડી ગયો હતો. દિલ્હી પોલીસે જૂન ૨૦૨૩ માં કોર્ટમાં એક અહેવાલ રજૂ કર્યો, જેમાં કહેવામાં આવ્યું કે કેસ રદ થવો જોઈએ. પોલીસ અધિકારીએ કહ્યું કે તેમણે અન્ય કુસ્તીબાજો અને કોચની પણ પૂછપરછ કરી હતી અને આરોપોને સમર્થન આપવા માટે કોઈ પુરાવા મળ્યા નથી. ઓગસ્ટ ૨૦૨૩ માં, કોર્ટે પહેલવાન અને તેના પિતાનાં નિવેદનો નોંધ્યાં હતાં. ત્યાર બાદ વિવિધ કારણોસર કેસ વિલંબિત થતો રહ્યો હતો. રદ મેના રોજ, વકીલોની દલીલો સાંભળ્યા પછી ન્યાયાધીશે પોલીસનો રિપોર્ટ સ્વીકાર્યો હતો અને કેસ બંધ કરી દીધો હતો.

બ્રિજભૂષણ શરણસિંહને વિદ્યાર્થીકાળથી જ કુસ્તીનો શોખ હતો. તેમણે ગોંડામાં કુસ્તી સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું અને તેનો ખર્ચ પોતે ઉઠાવ્યો હતો. તેમણે પોતાના ખર્ચે વિજેતા કુસ્તીબાજોને ઇનામો પણ આપ્યાં હતાં. તેઓ VHP નેતા અશોક સિંઘલના ખૂબ નજીકના માનવામાં આવતા હતા. ૧૯૮૫ની શરૂઆતમાં જ રામ મંદિર ચળવળમાં બ્રિજભૂષણ શરણસિંહનું નામ સામે આવ્યું હતું. ૧૯૯૨માં તેમનું નામ બાબરી મસ્જિદ તોડી પાડવાના કેસમાં પણ આવ્યું હતું. સપ્ટેમ્બર ૨૦૨૦માં તેમને બધા આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે ગોંડાથી ૪૫ કિ.મી. દૂર નવાબગંજમાં નંદિની નગર કોલેજની સ્થાપના કરી હતી. નંદિની નગર કોલેજની સ્થાપના પછી તેમનું સામ્રાજ્ય વિસ્તર્યું હતું. તેમણે શાળાઓ, કોલેજો, હોટલો અને હોસ્પિટલો ખોલી હતી. તેઓ ગોંડા, બલરામપુર, બહરાઇચ અને શ્રાવસ્તીમાં ૫૦ થી વધુ કોલેજો સાથે જોડાયેલા છે. પરિણામે, આ મતવિસ્તારોમાં તેમનો પ્રભાવ નોંધપાત્ર માનવામાં આવે છે. બ્રિજભૂષણ શરણસિંહ ભાજપની ટિકિટ પર છ વખત અને સમાજવાદી પાર્ટીની ટિકિટ પર એક વખત લોકસભાની ચૂંટણી જીતી ચૂક્યા હતા. ૨૦૧૧માં તેઓ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બન્યા હતા. ૨૦૨૩માં જાતીય સતામણીનો આરોપ લાગ્યા બાદ તેમને પ્રમુખ તરીકે રાજીનામું આપવાની ફરજ પડી હતી. તેમને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં રેસલરોના વિવાદને કારણે ભાજપની ટિકિટ નહોતી મળી પણ તેમના પુત્ર કરણભૂષણસિંહ ભાજપની ટિકિટ પર તેમના પિતાની કૈસરગંજ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા અને જીતી ગયા હતા.

આ કેસ હાલ પૂરતો સમાપ્ત થઈ ગયો છે. જો કોર્ટ, પોલીસ અથવા પીડિતાને લાગે કે ન્યાય મળ્યો નથી, તો તેમની પાસે ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે અપીલ કરવાનો ઉપાય છે. આ સમજવા માટે, ફોજદારી કાયદાના કેટલાક સિદ્ધાંતોને સમજવા મહત્ત્વપૂર્ણ છે. એક સિદ્ધાંત એવો છે કે જો કોઈ ગુનો કરવામાં આવ્યો હોય, તો તે સમય જતાં સમાપ્ત થતો નથી. ગુનેગારને સજા થવી જ જોઈએ. એવી પણ જોગવાઈ છે કે જો કોર્ટ ક્લોઝર રિપોર્ટને મંજૂરી આપી દીધી હોય, તો પણ કેસ ફરીથી ખોલી શકાય છે અને તપાસ હાથ ધરી શકાય છે. જો કે, એ પણ કાળજી લેવામાં આવે છે કે પોલીસ કોઈ પણ ગુનાની તપાસનો હવાલો આપીને કોઈ પણ વ્યક્તિને બિનજરૂરી રીતે હેરાન ન કરે. સુપ્રીમ કોર્ટે તેના ઘણા નિર્ણયોમાં કહ્યું છે કે કાનૂની પ્રક્રિયાનો હેતુ સત્ય સુધી પહોંચવાનો છે. આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જો પોલીસે કેસ રદ કરવા માટે રિપોર્ટ દાખલ કર્યો હોય અને તે રિપોર્ટ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવ્યો હોય, તો પણ જો પોલીસને કોઈ નવા પુરાવા મળે, તો પણ તેઓ પોતાની રીતે કેસની વધુ તપાસ કરી શકે છે. વધુમાં, જો કોઈ નવા પુરાવા સામે આવે તો કોર્ટને પોલીસને વધુ તપાસ કરવાનો આદેશ આપવાની પણ સત્તા છે. જો કોઈ પીડિતા પોલીસના અહેવાલ સામે વાંધો ઉઠાવે તો તે કોર્ટમાં અરજી પણ દાખલ કરી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અગાઉ બ્રિજભૂષણ શરણસિંહ POCSO ના કેસમાં પણ નિર્દોષ છૂટી ગયા તેમાં પણ સગીર ફરિયાદીના પિતા દ્વારા ફરિયાદ પાછી લેવામાં આવી તે મુખ્ય કારણ બન્યું હતું

મેડિકલ ડિપાર્ટમેન્ટ
એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI)
નંબરઃ MD/173/7/CTSE/EMPANEL તારીખઃ 30.07.2026

મલ્ટીસ્પેશિયાલિટી/ડાયાલિસિસ હોસ્પિટલોનું એમપેનલમેન્ટ

ચીફ મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, DRM ઓફિસ બિલ્ડિંગ, મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પાસે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008 દ્વારા ટેન્ડર નોટિસ નં. અને તારીખઃ MD/173/7/CTSE/EMPANEL, તારીખઃ 30.07.2026 આમંત્રિત કરવામાં આવે છેઃ કામનું નામઃ બિલીમોરા અને સુરત અધિકારક્ષેત્રમાં બે વર્ષના સમયગાળા માટે રેલવે લાભાર્થીઓના ઇમરજન્સી રિફરલ માટે મલ્ટીસ્પેશિયાલિટી/ડાયાલિસિસ હોસ્પિટલોના એમપેનલમેન્ટ માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI). ઈએમડી (EMD): શૂન્ય (NIL) અરજી ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમયઃ 21/08/2026ના રોજ સવારે 11:30 વાગ્યા સુધી. ખોલવાની તારીખ અને સમયઃ 21/08/2026ના રોજ સવારે 11:45 વાગ્યે. ટેન્ડર દસ્તાવેજો ડાઉનલોડ કરવા માટે કૃપા કરીને અમારી વેબસાઇટ wr.indianrailways.gov.inની મુલાકાત લો.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
0438

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

ટુંકી નિવિદા નં.- ૦૪ સને ૨૦૨૬-૨૭
(ફક્ત વિદ્યુત ઈજારદારો માટે)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ, પમો માળ, માર્ગ અને મકાન ભવન, નાનપુરા સુરત ફોનનં- ૨૪૬૫૮૬૭ દ્વારા અત્રેના વિભાગ હસ્તકના હંગામી વિજળીકરણના ૦૬ (છ) કામ જેની અંદાજીત રકમ ૨,૦૦,૩૮૦.૦૦ થી રૂ.૨,૭૮,૭૦૨.૦૦ છે. આ કામ માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસે થી ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. ઓનલાઈન ભાવ ભરી મોકલવાની છેવટની તારીખ ૦૬/૦૮/૨૦૨૬ સમય ૧૫.૦૦ કલાક તથા મળેલ ઓનલાઈન ભાવો ઓપન કરવાની તારીખ ૦૬/૦૮/૨૦૨૬ સમય ૧૫.૦૫ કલાક રાખવામાં આવેલ છે .

www.rnb.nprocure.com વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે તથા દસ્તાવેજો ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં સ્કેન કરી ઓન લાઈન મુકવાના રહેશે. આ ટેન્ડરો રાજ્ય સરકારની માહિતી ખાતાની અધિકૃત વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર વિગતવાર જોવા મળી શકશે. વધુ માહીતી માટે કામ કાજ ના દિવસો દરમિયાન અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી.

ક્રમાંક.માહિતી-સુરત/૪૫૨/૨૦૨૬

Dakshin Gujarat Vij Company Limited
CIN: U40102GJ2003SGC042909
Bardoli Division
66 kV SS Compound, Surat-Bardoli Road, Bardoli 394 601
DGVCL Toll Free No.: 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders (Nos. 93 to 105) are invited from registered firms/ parties for works including erection and maintenance of HT/LT lines and T/C structures, UG cable works, UV coating works and requirement of materials for the DGVCL In-house Transformer Repairing Unit under the jurisdiction of Bardoli Division. For further details, please visit www.nprocure.com.

EE (O&M), Bardoli Division, DGVCL.

Install MCB/ELCB/RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

જાહેરનામું
ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ નવસારી
ક્રમાંકઃ અમ-મ-૨૦૨૬-૬૪-જનવ-૧૪૨૦૨૬-૮૯૯-ઘ — તા. 30 J